सत्यमेव जयते
ગુજરાત સરકાર

# ગુજરાતના વ્હાલા નાગરિકોને નમ્ર અપીલ

**મારા પ્રિય નાગરિક ભાઇઓ અને બહેનો,**

ગુજરાતમાં થોડાક સમયથી વિવિધ જ્ઞાતિ-સમાજો આંદોલન ચલાવી રહ્યા છે અને આવેદનપત્રો દ્વારા રજૂઆતો કરી રહ્યા છે.

અનામત આંદોલનોને કારણે ભૂતકાળમાં ગુજરાતને જે સહન કરવું પડયું છે તેનો આપણને સૌને અનુભવ છે જ અને તે સમયની ગુજરાતની સ્થિતિ આપણે બધાએ જોયેલી પણ છે.છેલ્લા ૧૪ વર્ષના અથાક પરિશ્રમથી અને આપ સૌના સહયોગથી ગુજરાત આજે મોડેલ રાજ્ય બન્યું છે. સાડા છ કરોડ ગુજરાતીઓ દેશ અને દુનિયામાં તેના શાણપણ, સૌજન્ય અને વિવેક માટે સૌના આદરને પાત્ર બનેલા છે. આજે પણ વિકાસની ગતિશીલતા માટે ગુજરાતનું દ્રષ્ટાંત આપવામાં આવે છે.

રાષ્ટ્ર માટે પ્રેરણાના સ્ત્રોત બનેલા સરદાર સાહેબ તો સૌની એકતા ઇચ્છતા હતા. નાત-જાત કે જ્ઞાતિના ભેદભાવ મિટાવી એક જૂથ થઇ સૌનો વિકાસ થાય, સૌની પ્રગતિ થાય. ભારત શક્તિશાળી રાષ્ટ્ર બને તેવી તેમની મહેચ્છા હતી. સરદાર પટેલે રાજકીય કૂનેહ અને લોખંડી મનોબળથી દેશને એકતા અને અખંડિતતા આપી.

આ આંદોલન સરદાર સાહેબના વિચારોના માર્ગે છે ખરૂં? જરા વિચારીએ...

ગુજરાતમાં વસતા સર્વ નાગરિકો કોઇપણ જ્ઞાતિ-જાતિ, વર્ગના ભેદભાવ વગર, પોતાના સમાજ-સામર્થ્યથી વિકાસ માટે પ્રતિબદ્ધતાથી યોગદાન આપતા આવ્યા છે. રાજ્ય સરકાર, આ બધા સમાજોની ભાગીદારીને જ ગુજરાતના વિકાસના સાક્ષાત્કાર માને છે.

આ સંદર્ભમાં અનામતના આંદોલનોથી જે વિવાદનો વંટોળ ઉઠયો છે તેના પડઘા વિવિધ સ્તરે સમાજજીવન ઉપર પડયા છે. જેનાથી અજંપાભરી સ્થિતિ સર્જાઇ છે.

અનામત આંદોલન સંદર્ભે આપણે ચર્ચા અને મંત્રણા થકી સમાધાન શોધી શકીએ છીએ. રાજ્ય સરકારે સાત સિનીયર પ્રધાનોની એક સમિતિની રચના કરી છે અને સમિતિ સમક્ષ અને પાટીદાર સહિતની અન્ય જ્ઞાતિઓને પણ આપણે મંત્રણા માટે આમંત્રણ આપેલું છે. ચર્ચા-વિચારણા ચાલે છે અને તેમાંથી જ ઉકેલ આવશે તેમ હું માનું છું.

આંદોલન કે શક્તિપ્રદર્શનનું માધ્યમ કેટલાક આત્યંતિક માનસ માટે અહંમ બની શકે. પરંતુ ગુજરાત જેવા શાણપણ અને વિવેક ધરાવતા સમાજ માટે, ગુજરાતના ભવિષ્ય માટે નકારાત્મક અને નુકશાનકર્તા બની રહેશે એમ હું સમજું છું અને ગુજરાતની પ્રગતિ તથા વિકાસ અને સમાજ માટે હિતચિંતક સહુ આ વાત સ્વીકારશે જ એવો મને દ્રઢ વિશ્વાસ છે.

અનામત આંદોલનની માનસિકતા પાછળ આપણા યુવાનો, તરૂણ સંતાનો અને ભાવિ પેઢીના ભવિષ્યની ચિંતા છે અને એ સ્વાભાવિક પણ છે. અનામતની જોગવાઇથી ઉચ્ચ શિક્ષણોમાં પ્રવેશ અને નોકરીઓ અંગે પડતી અસરો વિશે અન્ય વૈકલ્પિક ઉપાયોથી નિરાકરણ આવી શકે તેમ છે અને રાજ્ય સરકાર આ માટે સકારાત્મક રીતે બધા જ્ઞાતિ-સમાજના સૂચનોને રચનાત્મક ગણીને યોગ્ય કરવા તૈયાર છે.

છેલ્લા ૧૫ વર્ષમાં ગુજરાતે ઔધોગિક, કૃષિ અને સેવાના ક્ષેત્રે જે પ્રગતિ કરી છે તેની નોંધ ભારત દેશના અન્ય રાજ્યો અને વિદેશના શાસકો લઇ રહ્યા છે. વૈશ્વિક સંસ્થાઓએ ગુજરાતની વિકાસની દિશા અને પ્રગતિની પ્રસંશા કરી છે. ગુજરાતે આ વર્ષોમાં તેની ઉત્કૃષ્ઠ કામગીરી પેટે ૩૫૦થી વધુ એવોર્ડ મેળવ્યા છે. વિકાસના ફળ આપણને મળી રહ્યા છે.

તાજેતરમાં રાજ્યમાં અતિ ભારે વરસાદને કારણે ખેડૂત વર્ગને જે નુકશાન થયું છે તેમાં સહાયરૂપ થવા આ સરકાર તેની બધી જ શક્તિ કામે લગાડીને તેમની તકલીફ દૂર કરવામાં જયારે ખડેપગે છે ત્યારે આવા આંદોલનથી સરકારનું ધ્યાન બીજે દોરાય તે શું હિતાવહ છે ખરૂં?

**આપણા બંધારણની જોગવાઇઓ અને નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ-જજમેન્ટને આધારે એસ.સી./એસ.ટી. અને ઓ.બી.સી.ની અનામત ટકાવારીમાં આપણે કોઇ જ ફેરફાર કરવા માંગતા નથી અને ૫૦ ટકાથી વધારે અનામત કોર્ટના ચુકાદાઓના કારણે આપી શકવાના નથી.**

જુદા જુદા રાજયોએ જે તે સમયે બંધારણ અને કોર્ટના ચુકાદાઓથી વિરૂદ્ધ અનામત આપી ત્યારે અદાલતોએ તે રદ કરી છે. આપણે એવું કરવા માંગતા નથી અને ઠાલા વચનો આપવામાં આપની આ સરકાર નથી માનતી.

આમ, નકારાત્મક આંદોલન કોઇપણ વર્ગ, સમાજ કે સરકાર માટે હિતાવહ નથી જ નથી. ઇતિહાસ તેનો સાક્ષી છે. ભૂતકાળના આંદોલનોએ ગરીબ પરિવારો, સામાન્ય માનવીની રોજી-રોટી છીનવી છે, હિંસા અને તનાવ, અર્થતંત્ર ઉપર વિપરીત અસરો કરે છે. આ સમય વિધાર્થીઓની બોર્ડની પરીક્ષાનો પણ છે. વળી, આવાં આંદોલનોનો દોર સમાજવિરોધી તત્વોના હાથમાં કયારે જતો રહે છે અને સમાજના હિત માટે સક્રિય બનેલાને કેવું બદનામ થવું પડે છે તેનો ભૂતકાળ પણ ભૂલાય એવો નથી.

નોકરી અને શિક્ષણક્ષેત્ર માટેની સમસ્યાઓનો સરળ અને સીધો ઉકેલ, સ્થાયી નિરાકરણ માત્ર ને માત્ર વિકાસની નવી ઊંચાઇઓમાં જ છે. પ્રગતિશીલ સમાજો આ સમજે છે.

મને આપ સૌ સુજ્ઞજનોના સૌજન્ય, શાણપણ અને વિવેક ઉપર પૂરો ભરોસો છે એટલે જ આપને આ જાહેર અપીલ કરું છું. આંદોલનોને હવે બંધ કરીને રાજ્યના વિકાસમાં જોડાઇએ.

**આપની**

**આનંદીબેન પટેલ**

(મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય)

**"સૌનો સાથ... સૌનો વિકાસ"**

Visit *http://www.gujaratinformation.net* *www.facebook.com/gujaratinformation.official* *www.twitter.com/infogujarat*